બેંકિંગ ક્ષેત્રે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત સુપ્રસિધ્ધ વકતા પ્રા. દીપક તેરૈયા 'મા-બાપ છો ભુલશો નહિ' વિષય ઉપર વકતવ્ય આપશે.

● કચ્છ મિત્ર મંડળ દ્વારા સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માણી હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે મંડળનો નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા દક્ષાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટનં. ૩૦૦/૨, સેકટર-૫-એ ખાતે બપોરના ૨.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન મધુબેન કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે.

● જીઈ કલબ સંચાલિત બ્લ્યુ બબલ્સ એકેડેમી દ્વારા બેઝીક એકટીંગની નવી બેચનો પ્રારંભ સવારે ૯.૦૦ કલાકે કરાશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારના ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સવારે ૮.૩૦ કલાકે સેકટર-૨૨, ૧૭/૨૨ બસ સ્ટેન્ડની સામે અનેકવિધ ગ્રામોદ્ધારક પૂ. નરરત્ન સૂરીશ્વરજી મ.સા. ચતુર્માસ પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● પેથાપુર સ્થિત શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ પ્રાથમિક શાળા ખાતે પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી મહારાજના પેથાપુર નગર ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સવારે ૮.૩૦ કલાકે સામૈયાનો ભવ્ય પ્રારંભ કરાશે. આ ઉપરાંત સવારના ૯.૩૦ કલાકે જિનમંદિર દર્શન અને ૧૧ કલાકે સ્વામી વાત્સલ્યનો પ્રારંભ કરાશે.

# ૧૭ લાખ લઈને નિકળેલા પિતા-પુત્રી ગુમ

**દિકરાએ તેના પિતા અને તેની બહેનના ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવી : સે-૪માં સખીના ત્યાંથી પાલજમાં સંબંધીને ત્યાં જવાનું કહીને નીકળ્યા બાદ પખવાડીયાથી કોઈ સગડ નથી**

ગાંધીનગર, તા.૯

અમદાવાદ સઈજપુર બોઘા વિસ્તારથી પિતા-પુત્રી ગાંધીનગર સે-૪માં પુત્રીની સખીના ઘરે આવ્યા હતા અને પુત્રીએ સખીને આપેલા ચેક વટાવી રૂ. ૧૭ લાખ ઉપાડયા હતા. રૂ. ૧૭ લાખ લઈને પાલજ ગામમાં સંબંધીના ત્યાં જવાનું કહીને નીકળેલા પિતા-પુત્રીનો આજે પખવાડીયા બાદ પણ કોઈ પત્તો લાગ્યો નથી. લાપતા પિતા-પુત્રીની શોધખોળ કરવા છતાં કોઈ સગડ ન મળતા પોલીસમથકમાં જાણ કરવામાં આવી છે. રહસ્યમય રીતે ગુમ થયેલા પિતા-પુત્રીની પોલીસે પણ શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સઈજપુર બોઘા વિસ્તારના સુરેશભાઈ અમરાભાઈ પરમારે પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાવી છે. સુરેશભાઈના પિતા અમરાભાઈ અને બહેન સરોજ લાપતા થઈ ગયા છે. ૪૦ વર્ષીય સરોજના પ્રથમ પતિના મૃત્યુ બાદ બીજા લગ્ન ગાંધીનગર સરકારી પ્રેસમાં નોકરી કરતા યુવાન સાથે થયા હતા. બીજા પતિનું પણ વર્ષ ૨૦૧૫માં મૃત્યુ થઈ જવા પામતા પિતા સાથે રહેવા આવી ગઈ હતી. સરોજની એક બહેનપણી છે જે સે-૪-બી ખાતે રહે છે. બહેનપણી રેખાબેન ગડવાલાને સરોજે પોતાના અલગ અલગ કિંમતના મળી કુલ રૂ.૧૭ લાખના ચેક આપી રાખ્યા હતા. ૨૨ તારીખે પિતા અમરાભાઈ અને પુત્રી સરોજ બંને રેખાના ઘરે ગયા હતા અને બેંકમાં જઈને ચેક વટાવીને રૂ. ૧૭ લાખ ઉપાડી રેખાના ઘરેથી પાલજ ખાતે સંબંધીના ઘરે જવાનું કહીને પિતા પુત્રી નીકળી ગયા હતા. પખવાડિયા બાદ પણ આજ દિન સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી. અમરાભાઈના દિકરા સુરેશે સે-૭ પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાવતા પોલીસે રહસ્યમય સંજોગોમાં લાપતા થયેલા પિતા-પુત્રીની સઘન શોધખોળ આરંભી છે.

## સોનોગ્રાફી વિભાગમાં એક જ ડોકટર કાર્યરત રહેતા દર્દીઓની ભારે ભીડ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સોનોગ્રાફી વિભાગમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. હોસ્પિટલ તંત્ર દ્વારા સોનોગ્રાફી વિભાગમાં બે ડોકટર ફરજ પર મુકવામાં આવ્યા છે. પરંતુ માત્ર એક જ ડોકટર નિયમિત ફરજ પર આવે છે. જયારે બીજા ડોકટર ગમે ત્યારે આવે અને ગમે ત્યારે જાય છે. જેથી દર્દીઓને યોગ્ય સારવાર ના મળતા અને લાબી લાઈનો સર્જાતા સોનોગ્રાફીના લાભાર્થીઓમાં રોષ જોવા મળ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. ઓપીડી વિભાગ અને તાત્કાલીક વિભાગમાં મળીને કુલ એક હજારથી પણ વધુ દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દીઓની યોગ્ય સારવાર માટે સોનોગ્રાફીનો રીપોર્ટ ડોકટર દ્વારા લખી આપવામાં આવે છે. પરંતુ ખરી મુસીબત તો સામનો તો દર્દીઓને સોનોગ્રાફીમાં કરવો પડે છે. સોનોગ્રાફી કરાવવા રોજના ૭૦ થી વધુ દર્દીઓ લાઈન લગાવી બેઠા હોય છે. સવારે ૯ વાગ્યાથી બેઠેલા દર્દીઓનો સોનોગ્રાફી ટેસ્ટ બપોર સુધી પણ થતો નથી. જયારે લાઈનમાં બેઠેલા દર્દીઓમાં પણ માથાકુટના દ્રશ્યો પણ સર્જાય છે. ત્યારે સોનોગ્રાફીમાં બે ડોકટર ફરજ બજાવે છે. પરંતુ તેમાંથી એક ડોકટર નિયમિત ફરજ પર આવે છે જયારે બીજા અન્ય એક ડોકટર ગમે ત્યારે આવે છે અને ગમે ત્યારે જાય છે તેવી ફરિયાદો દર્દીઓ દ્વારા ઉઠવા પામી છે. જેને લઈ અનેકવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે. પણ છતા યોગ્ય નિવેડો ના આવતા દર્દીઓ તેમજ લાભાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યા છે. આ અંગે યોગ્ય કાયમી યોગ્ય ઉકેલ આવે તેમ સિવિલમાં આવતા સોનોગ્રાફીના લાભાર્થી ઈચ્છી રહ્યા છે.

## કુડાસણ સ્થિત ફલેટમાં મીટર બોક્ષમાં આગ લાગી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ખાતે સ્થિત દિવ્યજીવન ઔરા નામની ફલેટની સ્કીમમાં એક બ્લોકના મીટરબોક્ષમાં આજે બપોરના અરસામાં આગ ભભુકી ઉઠી હતી. ફલેટના મીટરબોક્ષમાં ઓવર હીટીંગથી આગ લાગતા મીટરબોક્ષ સળગીને ખાખ થઈ ગયું હતું. ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈ જાનહાની કે ઈજા આ ઘટનામાં સર્જાઈ ન હતી. જો કે મીટર બોક્ષ સળગીને ખાખ થઈ જતા લાઈટ ડુલ થઈ ગઈ હતી.

## વાતવાતમાં

● ચોમાસામાં ગટરો ચોકઅપ કે જામ ના થાય તે હેતુથી મનપા દ્વારા વિશેષ કાળજીરૂપ પગલાં લેવાઈ રહ્યા છે. હાલ સેકટરોની આંતરિક ગટરોની મશીન દ્વારા સાફસફાઈ કરવામાં આવી રહી છે.

● ચિલોડા પોલીસ સ્ટેશને ચિલોડાથી નરોડા તેમજ ચિલોડાથી ગાંધીનગર દોડતી ૧૫૦થી વધુ રીક્ષાઓના ચાલકોનો 'કલાસ' લેવામાં આવ્યો હતો. આ કલાસમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈએ રીક્ષા ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સૂચના આપવા ઉપરાંત ગુનાખોરી અટકાવવા બાતમી આપી મદદરૂપ થવા સુધીના મુદ્દે સમજણ આપવામાં આવી હતી.

● ઉનાળામાં સેકટરોના ૯૦ મીટરના પ્લોટમાં ત્રણ માળ સુધી વિકસી ગયેલા મકાનોમાં એર કન્ડિશનર મશીનોની સંખ્યા વધી જવાના પગલે વીજ લોડ બેરીંગમાં પડતી મુશ્કેલીઓના અનુસંધાને ટોરેન્ટ પાવરનો 'લોડ' વધારી આપવા અસંખ્ય અરજી મળવા પામી છે. ટોરેન્ટ પાવર દ્વારા આ અરજીઓના નિકાલ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

● શહેરમાં અમદાવાદ તરફથી ફરવા આવતા સહેલાણીઓની સંખ્યા અત્યારે વધી જવા પામી છે આ સહેલાણીઓને ગાંધીનગરમાં હેલ્મેટના કાયદાનું કડક પાલન કરાવાય છે તેની જાણ ના હોવાથી હેલ્મેટ વગર આવતા અસંખ્ય વાહનચાલકો ટ્રાફિક પોલીસ દ્વારા દંડિત થઈ રહ્યા છે.

# સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે લાઈફ ડેવલપમેન્ટ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના કુડાસણ કેમ્પના વિરાટનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ધો-૪ થી૧૨ના બાળકો માટે છઠ્ઠા લાઈફ ડેવલપમેન્ટ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સંસ્કાર,આરોગ્ય, હકારાત્મક વિચારો, રમત ગમત, સર્જનાત્મકતા જેવા અનેક વિષયે મહત્વપૂર્ણ તાલીમ મેળવી હતી.

લાઈફ ડેવલપમેન્ટ સાથે વ્યસનથી દૂર રહેવા ઉદઘાટન પ્રેરિત કર્યા હતા. તેમણે સમારંભમાં શાળા સંકુલના સચાલક પૂ. મૂર્તિ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને જીવનમાં સંસ્કારનું મહત્વ સમજાવવા માટે સંકલ્પ કરવા માહિતગાર કરાયા હતા. આ સાથે માઈમ દ્વારા ઈન્ટરનેટ અને મોબાઈલના વળગણથી બચવા પણ પ્રેરિત કરાયા હતા. લાઈફ ડેવલપમેન્ટ કેમ્પ થકી વિદ્યાર્થીઓ જીવનના અનેક મહત્વના પાસાને સમજવા સાથે પોતાનામાં આત્મ વિશ્વાસ કેળવવાના ગુણો શીખ્યા હતા. આ કેમ્પની સફળતા માટે આચાર્ય નિર્મલ પટેલ, સ્પોર્ટસ કોચ હરજેન્દ્ર સિંઘ તથા અન્ય કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

ડેવલપમેન્ટ કેમ્પમાં વિદ્યાર્થીઓ વિવિધ રમતો દ્વારા શારિરીક સ્વસ્થતા તથા કૌશલ્યના ગુણોનું મહત્વ સમજયા હતા. આ સાથે તેઓએ 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' થકી સર્જનાત્મકતા, આર્શિવચન થકી સંસ્કાર ઉપરાંત હેલ્થ કેર દ્વારા આરોગ્યલક્ષી બાબતોનું જ્ઞાન મેળવ્યું હતું. કેમ્પમાં બાળકોને જંક ફૂડથી દૂર રહેવા અને હેલ્ધી ફૂડ ગ્રહણ

## આજે સેકટર-૫ના વસાહતીઓની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૯

સેકટર-૫ વસાહત મંડળ ગાંધીનગર દ્વારા તા. ૧૦મી જુલાઈને રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે સેકટર-૫ના જાહેર બગીચા ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સેકટરના પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી સરકારમાં રજૂઆત કરવામાં આવશે. તથા સે-૫ વસાહત મંડળના સને ૨૦૧૬ થી ૨૦૧૮ સુધીના નવા હોદ્દેદારો/કારોબારીની રચના કરાશે. સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સર્વે વસાહતીઓને હાજર રહેવા જણાવ્યું છે.

# વરસાદી સિઝનમાં મગફળીના વેચાણમાં વધારો

**નગરના માર્ગો પર ઠેરઠરે જોવા મળતા મગફળીના વેપારીઓ**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના માર્ગો પર ચોમાસાની સિઝનમાં મકાઈની સાથે સાથે મગફળીના વેચાણમાં પણ વિશેષ વધારો જોવા મળે છે. ઠંડીની સિઝનમાં મગફળી ખાવાની મઝા જ કંઈક અલગ હોય છે. જેને અનુલક્ષી મગફળીને શેકીને ખાવાનું સૌથી વધુ નાગરીકો પસંદ કરે છે. મગફળીના દાણા એ એનર્જીનું મોટુ સ્ત્રોત છે જેથી વ્રત દરમિયાન ફળાહારમાં વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે શહેરના વિવિધ માર્ગોપર લારીઓમાં જોવા મળતી શેકેલી મગફળી ખરીદવા અને ખાવા નગરજનોની ભારે ભીડ જોવા મળી રહી છે.

શું તમને મગફળી ભાવે છે.?

હા તમારી જેમ જ ઘણા નાગરીકોને મગફળી ભાવે છે. ખરેખર મગફળી ખાવાની મઝા જ કંઈક ઔર હોય છે.ચીન અને ભારત સૌથી વધુ વસ્તી છે. એવા દેશોમાં મગફળીનો પાક પુષ્કળ પ્રમાણમાં થાય છે.આ બંન્ને દેશોમાં મગફળીનું કુલ ૫૦ ટકા ઉત્પાદન થાય છે. મગફળી ખાવામાં ઘણી જ પૌષ્ટિક હોવાથી મુસાફરો મુસાફરી દરમિયાન તેનો ઉપયોગ વધુ કરતા જોવા મળે છે. મગફળીમાં ઘણા મીનરલ્સ હોય છે. મગફળીમાં ક્રિમ કરતા વધુ ચરબી અને ખાંડ કરતા વધુ પ્રમાણમાં કેલેરી હોય છે. મગફળીનો સ્વાદ ઘણો જ મજેદાર હોય છે. જેથી વિવિધ વાનગીમાં પણ તેનો ઉપયોગ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. ઠંડીની સિઝનમાં મગફળી ખાવાની મઝા કંઈક અલગ હોય છે. જેથી તેને શેકીને ખાવાનું સૌથી વધુ નગરજનો પસંદ કરે છે. મગફળીને સસ્તા કાજુ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તેના સ્વાસ્થયલક્ષી અનેક ફાયદાઓ પણ છે. ત્યારે ગાંધીનગર શહેરના બજારોમાં અને અમદાવાદ ગાંધીનગરના વિવિધ માર્ગો પર લારીઓ લઈને વેપારીઓ મગફળીના વેચાણઅર્થે ગોઠવાઈ જાય છે. વરસાદની સિઝનમાં મકાઈની સાથે મગફળીને ખાવાનું સૌથી વધુ પસંદ કરે છે. ત્યારે મગફળીના વેપારીઓને ત્યાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે.

## સે-૨૮ના બગીચામાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**રૂ.૧૨,૫૦૦ના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે સ્થિત બગીચામાં ફરવા આવેલા સહેલાણીઓ પૈકી ચાર તત્વો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમી સે-૨૧ પોલીસને મળતા ગઈ સાંજે દરોડો પાડીને ચારેય શખ્સોને પકડી પાડયા હતા. રૂ.૧૨,૫૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈ સે-૨૧ પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૧ પોલીસને ગઈ સાંજે બાતમી મળી હતી કે સેકટર-૨૮ના બગીચામાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે ટીમે દરોડો પાડીને ચાર શખ્સોને પકડી પાડયા હતા. પ્રાંતિજ વિસ્તારના મહમ્મદ વસીમ મહમ્મદ હરીફ કુરેશી, નદીમ મહમ્મદ આરીફ મહમ્મદ ભટ્ટી તથા અજમાનમીયા અકબર મીયા ભટ્ટી અને અમદાવાદના આરીફખાન જમાલખાન બલોચ ચાર શખ્સોને જુગાર રમતા રંગે હાથ દબોચી લેવામાં આવ્યા હતા. અંગજડતીમાંથી રૂ.૭,૧૦૦ અને દાવ પરથી રૂ.૫,૪૦૦ મળી કુલ રૂ.૧૨,૫૦૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી સે-૨૧પોલીસે ચારેય શકુનીઓની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

# બેંકિંગ ક્ષેત્રે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ કેમ્પસ ખાતે આઈટીએમ સ્કીલ એકેડેમીના સહયોગથી દેશની નામાંકિત બેંક આઈસીઆઈસીઆઈ તેમજ કોટક મહિન્દ્રા તથા એન.જે. ઈન્ડિયા પ્રા.લિ. કંપની વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવા માટે આવ્યા હતા. જેમાં કોલેજના ૭૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા. બીબીએ કોલેજ વતી ડૉ. જયેશ તન્ના દ્વારા કંપનીના પ્રતિનિધિઓને પ્રી પ્લેસમેન્ટ ટ્રેનીંગ માટે આવકારવામાં આવ્યા હતા. કંપની પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને પ્રી પ્લેસમેન્ટ તાલીમ આપી હતી.

આઈટીએમ સ્કીલ એકેડેમી આસીસ્ટન્ટ જનરલ મેનેજર અમિત સકસેના તેમજ પ્રહલાદ નાઈ, રાજીવ ક્ષત્રીય સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઉપસ્થિત રહ્યા હતા. એકેડેમીના આસીસ્ટન્ટ જનરલ મેનેજરે જણાવ્યું કે તેઓ એ ઉપરોકત બંને બેંકમાં ૨૦,૦૦૦ જેટલા ઉમેદવારોને પસંદ કર્યા છે. આજના પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં પહેલા ઓનલાઈન ટેસ્ટ અને ફાઈનલ ઈન્ટરવ્યુ બાદ પસંદગી પામેલ ઉમેદવારને રાયપુર ખાતે ટ્રેનીંગ માટે મોકલવામાં આવશે. જયારે કોટક મહેન્દ્ર બેંકમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓ પ્રથમ પર્સનલ ઈન્ટરવ્યુ તેમજ ત્યારબાદ ફાઈનલ ઈન્ટરવ્યુ યોજશે અને તેમાં પસંદ થયેલ ઉમેદવારોને બેંગલોર ખાતે ટ્રેનીંગ માટે મોકલવામાં આવશે તેમજ એન.જે. ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા.લિ.ના પ્રતિનિધિ પરીન છાયા તેમજ પ્રિયંકા વ્યાસ પણ પ્લેસમેન્ટ માટે કોલેજ ખાતે આવ્યા હતા કે જેઓ આ બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે જે કોલેજ માટે ગૌરવની બાબત છે. તેઓએ વિદ્યાર્થીઓને પ્રાઈવેટ સેકટરમાં કારકીર્દી ઘડતરની અપાર તકો તેમજ ખુબ ઝડપથી સફળ બનવા માટેના સૂચનો કર્યા હતા તેમજ ૨ ઉમેદવારોની પસંદગી તેમની કંપની માટે કરી હતી. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને રૂ. ૨૫૦૦૦થી ૨૭૦૦૦ સુધીના વાર્ષિક પેકેજની ઓફર કરવામાં આવી છે.

સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના અને પ્રો. આશિષ ભુવા દ્વારા કરી સફળ બનાવવામાં આવી હતી.

## આજે ચાતુર્માસ પ્રવેશોત્સવ અન્યવે નરરત્નસૂરીશ્વરજી મહારાજનું પ્રવચન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ દ્વારા સેકટર-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતે ચાતુર્માસ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ચાતુર્માસ પ્રવેશ મંગળ દિવસ નિમિત્તે સામૈયાનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવશે. આ દિવ્ય પ્રસંગે શ્રી સિદ્ધિ સૂરીશ્વરજી મહારાજ, શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ, શ્રી રવિપ્રભવિજયજી મહારાજા આર્શીવચન પાઠવશે. આ પ્રસંગે પૂજય નરરત્નસૂરીશ્વરજી મહારાજ વકતવ્ય આપશે. આજ સુધી ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરતા કરતા આધ્યાત્મિક ક્ષેત્રે તળીયે આવીને ઉભેલા આપણને સર્વાંગી રીતે ઉંચકી લેવા અહિંસા અને અનેકાંત જેવા ભગવાન મહાવીર પ્રરૂપિત ઉપદેશોને સરળ શૈલીમાં સમગ્ર ધર્મપ્રેમી જનતાને સમજાવશે.

આ ચાતુર્માસ પ્રવેશ સમારોહ પ્રસંગે રજનીભાઈ પટેલ, નીતનભાઈ પટેલ, જયશ્રીબેન પટેલ, વસુબેન ત્રિવેદી અને પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. સંગીતાબેન જયંતિભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. રાકેશભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૦